પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૮૫, કુલ પાના:૪, તારીખ: ૦૨-૧૨-૨૦૨૦ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 85 PRICE :-RS. 1.50 DATE : 02-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રાજસ્થાન-દિલ્હી સરકાર બાદ રૂપાણી સરકારે કોરોના ટેસ્ટના ભાવ ઘટાડ્યા

# સરકાર જાગી: કોરોના માટેનો RT-PCR ટેસ્ટ ૮૦૦ રૂપિયામાં થશે

ગાંધીનગર,
ગુજરાતમાં કોરોના વાયરસનો ખતરો વધી રહ્યો છે ત્યારે રૂપાણી સરકાર દ્વારા એક સરાહનીય પગલુ લેવાયું છે. રાજ્ય સરકારે RT-PCR ટેસ્ટનો ભાવ ઘટાડી દીધો છે. કોર કમિટીમાં મળેલી બેઠકમાં આ અંગે નિર્ણય લેવાયો હતો. આરોગ્ય મંત્રી અને ઉપમુખ્યમંત્રી નીતિન પટેલે આ અંગે જાહેરાત કરી હતી. આ ભાવ ઘટાડો આજથી જ અમલી બનશે.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી નીતિન પટેલે રાજ્યમાં RT-PCT ટેસ્ટના ચાર્જને લઈ મોટી જાહેરાત કરી હતી. રાજ્ય સરકારની જાહેરાત બાદ હવેથી કોરોનાના ટેસ્ટ માટે લેબોરેટરીમાં RT-PCR ટેસ્ટના ૮૦૦ રૂપિયા ચાર્જ લેવાશે. નવા ચાર્જનો અમલ શરૂ કરી દેવાયો. કીટની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. જ્યારે ઘરે જઈને ટેસ્ટ કરવા માટે રૂ,૧૧૦૦ ચાર્જ રહેશે. આ પહેલા રાજ્યમાં ખાનગી લેબમાં RT-PCR ટેસ્ટ કરાવવાનો ખર્ચ ૧૫૦૦-૨૦૦૦ રૂપિયા થતો હતો.



ગુજરાતમાં અત્યાર સુધી કોરોના માટે કરવામાં આવતા RT-PCT ટેસ્ટ માટે જનતા પાસેથી લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ રૂપિયા ખંખેરવામાં આવતા હતાં. પરંતુ રૂપાણી સરકારે આ ભાવ ઘટાડીને ૮૦૦ રૂપિયા એટલે કે લગભગ અડધાથી પણ ઓછા કરી દેતા લોકોને ભારે રાહત થશે.

અગાઉ ૨૩ જૂનના રોજ ICMRએ કોવિડ-૧૯ની નવી ગાઈડલાઈન્સ બહાર પાડી હતી. એમાં કહેવામાં આવ્યું હતું કે એક એન્ટિજન ટેસ્ટમાં પોઝિટિવ આવેલી વ્યક્તિને ખરેખર ચેપગ્રસ્ત માનવી જોઈએ, પરંતુ કોઈ વ્યક્તિમાં જો લક્ષણો દેખાઈ રહ્યાં હોય અને રિઝલ્ટ નેગેટિવ હોય તો તેનો PCR ટેસ્ટ કન્ફર્મ કરવો જોઈએ.

ICMRના જણાવ્યાનુસાર, સંપૂર્ણ પબ્લિક હેલ્થ મશીનરી કોવિડ-૧૯ દર્દીઓનો ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટ કરવામાં લાગેલી છે. આવી સ્થિતિમાં SARS-COV-2 પ્રારંભિક સમયમાં જાણવા માટે એન્ટિજન આધારિત એસેજને પોઈન્ટ ઓફ કેર ટેસ્ટ તરીકે ટેસ્ટ કરવો બહુ જરૂરી છે. ICMRના જણાવ્યાનુસાર, SARS-COV-2 શોધવા માટે રિયલ ટાઈમ રિવર્સ ટ્રાન્સ્ક્રિપ્શન પોલિમરેજ ચેન રિએક્શન (RT-PCR) ગોલ્ડ સ્ટાન્ડર્ડ ટેસ્ટ છે.

પીસીઆર ટેસ્ટની મદદથી ખબર પડે છે કે, દર્દી કે તેના કોન્ટેક્ટમાં આવેલા લોકો સંક્રમિત છે કે કેમ. તેમને કયા પ્રકારના ક્વોરન્ટીનમાં રાખવામાં આવે. શું વ્યક્તિને બે અઠવાડિયાં સુધી ઘરમાં રહેવાની જરૂર છે? શું આ દરમિયાન તે ઘરના અન્ય વ્યક્તિને મળી શકે છે કે પૂરી રીતે આઈસોલેટ રહેવાનું છે? ELISAs ટેસ્ટ એપેડેમિયોલોજિસ્ટ માટે જરૂરી છે. આની મદદથી તેઓ અંદાજો લગાવે છે કે, કેટલા એવા લોકો છે જે સંક્રમિત થઈ ગયા છે પરંતુ તેની ખબર નથી અને કેટલી હર્ડ ઈમ્યુનિટી મળી શકે છે.

આ સાથે નીતિન પટેલે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર તરફથી ૮૨ વેન્ટિલેટરની વ્યવસ્થા કરી આપવામાં આવી છે. ગત અઠવાડિયે દર્દીઓને ક્યાં દાખલ કરવા એ એક મોટી સમસ્યા હતી, જેને ધ્યાનમાં લેતાં આરોગ્ય વિભાગ દ્વારા અનેક વ્યવસ્થા ઊભી કરાઈ રહી છે તેમજ જરૂરિયાત પડવા પર ૩૫૦ કરોડના ખર્ચે બનેલી નવી કિડની હોસ્પિટલને પણ કોરોનાના દર્દીઓ માટે ઉપયોગમાં લેવાશે.

## રાજકોટ આગકાંડ મામલે ગુજરાત સરકારના જવાબથી નાખુશ સુપ્રીમ

ન્યુ દિલ્હી,
રાજકોટમાં કોવિડ હૉસ્પિટલમાં આગ લાગવા સાથે જોડાયેલા કેસમાં સુપ્રીમ કોર્ટએ ગુજરાત સરકારની ફરી ઝાટકણી કાઢી છે. સુપ્રીમે કહ્યું કે, સરકાર રાજકોટ આગકાંડ વિશે તથ્યોને દબાવવાનો પ્રયાસ કરી રહી છે. ગુજરાતના જવાબથી નાખુશ સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાજ્યને તથ્યોને દબાવવા ન જોઈએ. સાચા તથ્યોની સાથે એક નવું સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપવો પડશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આપના જણાવ્યા અનુસાર બધું સારું છે,





પરંતુ વલણ વાયરિંગના મામલે પોતાના ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનયરના રિપોર્ટથી વિપરિત છે. તમે માત્ર તપાસ પંચને રચીને ખુશ છો.

આ મામલામાં ગુજરાત સરકાર વ્યવસ્થિત રીતે સોગંદનામું દાખલ કરે. તેની સાથે જ સુપ્રીમ કોર્ટે સોલિસિટર જનરલ તુષાર મહેતાને અનુરોધ કર્યો કે આ મામલામાં રસ લે અને યોગ્ય રિપોર્ટ દાખલ કરે. આ કેસની આગામી સુનાવણી ગુરુવારે થશે. રાજકોટમાં ઉદય શિવાનંદ કોવિડ હૉસ્પિટલમાં લાગેલી આગના કારણે ૬ દર્દીઓનાં મોત થયા હતા. અગાઉની સુનાવણીમાં કોવિડ હૉસ્પિટલમાં આગ લાગવાના કારણે થયેલા મોતની ઘટના પર સુપ્રીમ કોર્ટે સુઓમોટો નોંધ લેતાં સુનાવણી શરૂ કરી હતી અને આવી ઘટનાઓ પર અંકુશ લગાવવામાં કેન્દ્ર અને રાજ્ય સરકારોની નિષ્ફળતા પર આકરી નારાજગી વ્યક્ત કરી હતી.

સુપ્રીમ કોર્ટે રાજ્યો પર આકરા પ્રહારો કરતાં કહ્યું કે સતત આવી ઘટનાઓ બનતી હોવા છતાંય આ સમસ્યાને રોકવા માટે કોઈ મજબૂત પગલાં નથી ઉઠાવવામાં આવ્યા. સુપ્રીમની બેન્ચે કહ્યું હતું કે આ કંપાવી દેનારી ઘટના છે. આ ખૂબ જ ગંભીર મામલો છે અને પહેલા પણ આવી ઘટનાઓ બની ચૂકી છે અને આ સરકારી હૉસ્પિટલોની સ્થિતિ દર્શાવે છે. અમે આ મામલામાં સુઓમોટો લઈએ છીએ.

## કોરોના ક્યાંથી આવ્યો તે જાણવું ખૂબ જરૂરી, વુહાન જઈને તપાસ કરાશે: WHO

જિનિવા,
વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ ઘેબ્રેયસસનું કહેવું છે કે કોરોના વાયરસ ક્યાંથી આવ્યો તે જાણવું જરુરી છે. આ અંગે ડબલ્યુએચઓનું વલણ બિલકુલ સ્પષ્ટ છે. આમ કરવાથી ભવિષ્યમાં થનારી બિમારીને રોકવામાં મદદ મળી શકે છે. બીજી તરફ સારા સમાચાર એ છે કે અમેરિકન કંપની મોર્ડના પોતાની કોરોનાની રસીના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી માટે અમેરિકન અને યૂરોપિયન રેગ્યુલેટર્સને એપ્લાય કર્યું છે. રસીના લાસ્ટ સ્ટેજ ટ્રાયલ બાદ કંપનીએ દાવો કર્યો છે કે આ કોરોનાથી લડવામાં ૯૪ ટકા કારગત છે.

ટેડ્રોસે કહ્યું કે અમે આનો સોર્સ જાણવાના તમામ પ્રયાસો કરી રહ્યા છીએ. આ માટે ચીનના વુહાનથી સ્ટડી શરુ કરવામાં આવશે. જાણીશું કે શું થયું હતુ આ ઉપરાંત જોઈશું કે કેવી રીતે નિષ્કર્ષ પર પહોંચી શકાય છે. બીજા કયા રસ્તા છે. કોરોનાથી હાલમાં સૌથી વધારે મોત યુરોપમાં થઈ રહ્યા છે.દર રોજ ૩-૪ લોકો સંક્રમણથી દમ તોડી રહ્યા છે. અહીં ઈટલી,



પોલેન્ડ , રુસ, યુકે ફ્રાન્સ સહિત ૧૦ દેશો એવા છે જ્યાં દર રોજ ૧૦૦થી ૭૦૦ લોકોના જીવ જઈ રહ્યા છે. યુરોપમાં ૪૮ દેશોમાં અત્યાર સુધીમાં સંક્રમણથી ૩.૮૬ લાખ લોકોના મોત થઈ ચૂક્યા છે. દર રોજ થનારી મોતમાં બીજી નંબર પર નોર્થ અમેરિકા અને ત્રીજા નંબપ પર એશિયા છે. નોર્થ અમેરિકમાં રોજ ૧૫૦૦થી ૨ હજાર દર્દીઓના મોત થઈ રહ્યા છે. જ્યારે એશિયામાં દર રોજ ૧૪૦૦થી ૧૮૦૦ લોકોના જીવ જઈ રહ્યા છે.

અમેરિકન નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ એલર્જી એન્ડ ઈન્ફેક્શિયસ ડિસીજના ડાયરેક્ટર ડો. એન્થની ફોર્સીએ એક પછી એક સતત બીજી લહેર આવવાની ચેતવણી આપી છે. એનબીસીના એક કાર્યક્રમમાં ફોર્સીએ તમામને કોરોનાની ગાઈડલાઈન અને નિયમોનું પાલન કરવા આગ્રહ કર્યો છે. અમેરિકામાં અત્યારે સોથી વધારે ૫૦ લાખ એક્ટિવ કેસ છે.

## કોરોનાને પગલે ઈડરનું ચોરીવાડગામ સ્વયંભુ બંધ રહેશે

ઈડર,
ગુજરાતમાં દિવાળી પછી કોરોનાએ ઉથલો મારતા હાહાકાર મચી ગયો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ રોકવા માટે લોકો જાતે જ પગલા ભરી રહ્યા છે અને સ્વયંભૂ લોકડાઉનનો નિર્ણય લઈ રહ્યા છે. ત્યારે સાબરકાંઠાનું વધુ એક ગામ આજથી ૧૦ દિવસ માટે બંધ રહેશે.

આ અંગેની વિગતો એવી છે કે, આજથી ૧૦ દિવસ માટે ચોરીવાડ ગામ સ્વયંભુ બંધ રહેશે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે ૧૦ દિવસ બંધ કરવાનો નિર્ણય કરાયો છે. ઈડરના ચોરીવાડમાં અત્યાર સુધીમાં ૧૦ જેટલા કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે. ૧ ડીસેમ્બર થી ૧૦ ડીસેમ્બર સુધી સવારે ૭ થી ૧૧ વાગ્યા સુધી ગામમાં દુકાનો ખુલ્લી રહેશે.

આવશ્યક સેવાઓ દૂધ શાકભાજી મેડીકલની દુકાનો ખુલ્લી રહેશે. ૧૧ વાગ્યા પછી કોઈ દુકાનો ખોલશે તો રૂ ૧૧૦૦ દંડ વસુલ કરાશે. ગામમાં માસ્ક નહિ પહેરનારા ગ્રામજનોને પાસેથી રૂ ૨૦૦ દંડ વસુલ કરાશે. ગામમાં બહારના ફેરિયાને કોઈ પ્રવેશ આપવામાં નહીં આવે.

## કોરોનાને પગલે માર્ચને બદલે મે મહિનામાં યોજાશે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા

ગાંધીનગર,
ગુજરાતમાં જીવલેણ કોરોના વાઈરસ હાહાકાર મચાવી રહ્યો છે, ત્યારે તેની અસર વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર પણ પડી રહી છે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા પાછી ઠેલવામાં આવી છે. જેમાં આ પરીક્ષા મે મહિનામાં યોજાશે અને આ માટે માટે ફોર્મ આગામી મહિને ભરાય તેવી શક્યતા છે. મોટાભાગે નવેમ્બર મહિનામાં જ બોર્ડની પરીક્ષા માટેના ફોર્મ ભરવામાં આવે છે. જ્યારે માર્ચ મહિનામાં જ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની એક્ઝામ લેવાતી હોય છે. જો કે આ વખતે કોરોના મહામારીના પગલે શિક્ષણ વિભાગ દ્વારા બોર્ડની પરીક્ષા સહિત વિવિધ કામગીરી પાછળ લઈ જવામાં આવી છે.

ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા લેવી પડે તેમ હોવાથી શિક્ષણ મંત્રી દ્વારા થોડા દિવસો પહેલા જ મે-૨૦૨૧માં બોર્ડની એક્ઝામ યોજવા અંગેની જાહેરાત કરવામાં આવી હતી. હવે આ જાહેરાતને પગલે શિક્ષણ વિભાગ દ્વારા જાન્યુઆરીમાં બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવા માટેનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેથી ફેબ્રુઆરીના અંત સુધીમાં ફોર્મ ભરવાની કામગીરી આટોપી લેવાય અને મે મહિનામાં વ્યવસ્થિત રીતે પરીક્ષાનું આયોજન થઈ શકશે.

માર્ચ મહિનામાં કોરોના વાઈરસના સંક્રમણને જોતા ગયા વર્ષે બોર્ડ સિવાય મોટાભાગના વિદ્યાર્થીને માસ પ્રમોશન આપીને પાસ કરવામાં આવ્યા હતા. હાલ પણ મોટાભાગની સ્કૂલોમાં ઓનલાઈન અભ્યાસ ચાલી રહ્યું છે. આથી હવે જો કોરોનાની સ્થિતિ નહીં સુધરે, તો ફરીથી અન્ય ધોરણોમાં માસ પ્રમોશનની શક્યતા નકારી શકાય નહીં.

## સરહદ પર તણાવની વચ્ચે ભારતે 'બ્રહ્મોસ'નું એન્ટી શિપ વર્જનનું કર્યું સફળ પરીક્ષણ

પોર્ટ બ્લેયર,
ભારતે અંદમાન નિકોબાર દ્વીપથી મંગળવારે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનુ પરીક્ષણ કર્યુ છે. સંરક્ષણ સૂત્રો તરફથી જણાવવામાં આવ્યુ છે કે જે ટેસ્ટ થયુ છે તે ભારતીય નેવી તરફથી કરવામાં આવેલ પરીક્ષણનો ભાગ છે. ભારત તરફથી છેલ્લા એક સપ્તાહમાં



સેના અને વાયુસેના માટે પણ બ્રહ્મોસ મિસાઈલનો ટેસ્ટ કરવામાં આવી ચૂક્યો છે. બરાબર એક સપ્તાહ પહેલા જ સેનાએ આ મિસાઈલનુ પરીક્ષણ કર્યુ હતુ. એ ટેસ્ટ બાદ સેના માટે ઉપયોગમાં લેવાતા બ્રહ્મોસ મિસાઈલની રેન્જ ૪૦૦ કિલોમીટર સુધી થઈ ગઈ હતી.

૨૦ ઓક્ટોબરે પણ ઈન્ડિયન નેવીના ડેસ્ટ્રોયર આઈએનએસ ચેન્નઈથી બ્રહ્મોસ મિસાઈલને છોડવામાં આવ્યુ હતુ. એ ટેસ્ટમાં બ્રહ્મોસે અરબ સાગરમાં પોતાના લક્ષ્યને ભેદ્યુ હતુ. એ વખતે મિસાઈલે પોતાના ટાર્ગેટને સફળતાપૂર્વક ચોકસાઈ સાથે ભેદ્યુ હતુ. વિવિધ ઉચ્ચ સ્તરીય અને બહુ જટિલ મનુવર્સ સાથે મિસાઈલે પોતાના પરીક્ષણને સફળતાપૂર્વક પાસ કર્યુ હતુ.

ઓરિસ્સાના બાલાસોરથી કરવામાં આવ્યા હતુ. એ ટેસ્ટમાં મિસાઈલની ૪૦૦ કિલોમીટરની રેન્જને ટેસ્ટ કરવામાં આવી હતી. રેન્જમાં વધારો થયા બાદ રક્ષા મંત્રાલય તરફથી નિવેદન જારી કરવામાં આવ્યુ હતુ. આ નિવેદનમાં કહેવામાં આવ્યુ હતુ, 'બ્રહ્મોસ એક 'પ્રાથમિક હુમલાવર હથિયાર' તરીકે એ સુનિશ્ચિત કરશે કે વૉરશિપ કોઈ પણ લાંબા અંતરના એ લક્ષ્યને ભેદીને અજેય રહી શકે છે જે નેવીની સીમામાં હશે. આ રીતે આ હથિયાર આ ડેસ્ટ્રોયરને એક અભેદ પ્લેટફોર્મ તરીકે ફેરવી શકે છે.

## સરકાર અહંકાર છોડીને ખેડૂતોને ન્યાય આપે: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,
ખેડૂત આંદોલનનો આજે છઠ્ઠો દિવસ છે. ખેડૂતોના વિરોધની આગ દેશના ખૂણે ખૂણે પહોંચી છે. દિલ્હીની સરહદો પર ખેડૂતોનો જમાવડો વધી રહ્યો છે. ખેડૂતો પોતાની માંગને લઈને અડગ છે. મંગળવારે મોદી સરકારે ખેડૂતોને વાતચીત માટે બોલાવ્યા છે.

(અનુ.પાના.નં.૨)

**જાહેર નિવિદા**
**કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે**

શ્રમ અને રોજગાર ગાંધીનગર વિભાગ હસ્તકની રોજગાર અને તાલીમ ગાંધીનગરના તાબા ખાતેની ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા વરધરી તા.લુણાવાડા, જી.મહિસાગર ખાતેની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો/ટપાલો પહોંચાડવાની સેવા સહિતની સમગ્ર તથા કામગીરીની*- '' કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા'' પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફકત રજી.પો.એ.ડી. થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ કવરમાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી) ૧૫:૦૦ કલાક વચ્ચે તા.૨૬/૧૨/૨૦૨૦ સુધીમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા વરધરી તા.લુણાવાડા,જી. મહિસાગર કચેરી ખાતેથી અરજી સાથે આચાર્યશ્રી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, વરધરી કચેરીના નામનો રૂા.૧૫૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે. ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે. આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા.૦૫/૧૨/૨૦૨૦ ના રોજ ૧૪:૦૦ કલાકે ઔદ્યોગિક તાલીમ, સંસ્થા વરધરી કચેરી ખાતે રાખેલ છે. પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા.૨૮/૧૨ /૨૦૨૦ ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા વરધરી
તા. લુણાવાડા, જી.મહિસાગર

સ્થળ : વરધરી
તારીખ: ૦૧/૧૨/૨૦૨૦

### ભારતમાં સ્થિતિ ચિંતાજનક: ટ્રુડો

## ભારતમાં ચાલતા ખેડૂત આંદોલનને કેનેડાના વડાપ્રધાને સમર્થન આપ્યું..!



ન્યુ દિલ્હી,
ભારતની કેન્દ્ર સરકારે ઘડેલા નવા કૃષિ કાયદા વિરુદ્ધ કેનેડાના પ્રમુખ જસ્ટિન ટ્રુડોએ પણ વિરોધ વ્યક્ત કર્યો હતો. સોમવારે ગુરુ પૂર્ણિમા અને ગુરુ નાનકદેવની જન્મ જયંતી નિમિત્તો શીખોને સંબોધીને કરેલા વિડિયો પ્રવચનમાં તેમણે કહ્યું કે ભારતમાં શીખો દ્વારા કરાઈ રહેલા આંદોલનના સમાચારોથી હું વ્યથિત છું. દેખાવો કરી રહેલા ખેડૂતોના અધિકારોના રક્ષણ માટે કેનેડા સતત શીખ ખેડૂતોની સાથે છે. તેમણે કહ્યું કે અમે શાંતિપૂર્વ વાટાઘાટમાં વિશ્વાસ ધરાવીએ છીએ અને ભારત સરકાર આ સમસ્યાનું શાંતિપૂર્ણ નિરાકરણ

(અનુ.પાના.નં.૨)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**એન. જી. જી. શાહ**
મુ. ચોકસીબજાર, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**બી. બી. રાઠવા**
મુ. ગોપીપુરા, તા. હાલોલ

# મહીસાગર જિલ્લામાં આજે ૨૦ પોઝિટિવ કેસ :
# જિલ્લામાં કોરોનાના કુલ ૧૭૧૫ પોઝીટીવ કેસ નોંધાયા




લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ખાનપુર તાલુકાના ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૨ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૧-૧૨-૨૦૨૦ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૭૧૫ કેસ પોઝીટીવ નોંધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૭ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લાસમાં અત્યાર સુધીમાં કુલ ૧૪૭૬ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૮૯૩૫૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૭૫ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૫ દર્દી ડીસ્ટ્રી કટ હોસ્પિરટલ, લુણાવાડા, ૧૫૨ દર્દી હોમ આઇસોલેશન, ૦૮ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૩ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૮ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૮૬ દર્દીઓ સ્ટેબલ, ૦૮ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૨ દર્દી વેન્ટીલેટર પર છે.

## ડાકોર રણછોડરાય મંદિર મેનજમેન્ટે કેન્દ્ર સરકારની ગોલ્ડ બોન્ડમાં ૨૮ કિલો સોનાનું કર્યું રોકાણ

ડાકોર, યાત્રાધામ ડાકોર રણછોડરાય મંદિર ટેમ્પલ કમિટી દ્વારા આજે મહત્વના નિર્ણય ની જાહેરાત કરવામાં આવી છે.મંદિરમાં વૈષ્ણવોએ પ્રભુને અર્પણ કરેલ સોનાની લગડીઓ અને અન્ય બિન ઉપયોગી સ્વરૂપે સચવાયેલું સોનાનું કેન્દ્ર સરકારની ગોલ્ડ બોન્ડ યોજનામાં મોટા પાયે રોકાણ કરવામાં આવ્યું છે.આ રોકાણ થકી મંદિરને વાર્ષિક ધોરણે લાખોની વ્યાજની આવક થશે.જે આવકની રકમથી મંદિરના વિવિધ ખર્ચાઓમાં મોટી રાહત રહેશે.

યાત્રાધામ ડાકોર રણછોડરાય મંદિર મેનેજમેન્ટ દ્વારા દેવ દિવાળીના પવિત્ર દિવસે રણછોડરાય મંદિરમાં વર્ષોથી બિન ઉપયોગી અને લગડી સ્વરૂપે સચવાયેલા પડતર પડી રહેલા સોનાનું કેન્દ્ર સરકારની ગોલ્ડ બોન્ડ યોજનામાં રોકાણ કરવામાં આવ્યું છે.મંદિર ટ્રસ્ટ દ્વારા ૨૮.૧૮૯ કિલો સોનાનું ગોલ્ડ બોન્ડ યોજનામાં રોકાણ કરવામાં આવ્યું છે.એક માહિતી મુજબ પ્રવર્તમાન ભાવની ગણતરી કરીએ તો મંદિરના સોનાની કિંમત ૧૪ કરોડ થઈ વધુ થઈ શકે છે.જે રોકાણ ઉપર કેન્દ્ર સરકારના નિયમ મુજબ ડાકોર મંદિરને આ રોકાણ પેટે વાર્ષિક ૨.૨૫ ટકા વ્યાજની આવક થશે.આ રોકાણ થકી મંદિરની આવકમાં વાર્ષિક ૩૨ લાખથી વધુની રકમનો વધારો થશે.

## (પાન નં.૧ નું ચાલુ)

### ભારતમાં ચાલતા ખેડૂત આંદોલનને.....

લાવશે એવી અમને આશા છે. અત્રે એ યાદ રહે કે ૧૯૮૦ના દાયકામાં ફાટી નીકળેલા ખાલિસ્તાનવાદી આતંકવાદનાં રચનારા કેનેડામાં વસતા હતા. કેનેડામાં અત્યારે પણ શીખોની મોટી વસતિ છે. એટલે કેનેડાની સરકાર શીખોની ભેર ખેંચી રહી હતી. વાસ્તવમાં કેનેડાને ભારતની આંતરિક બાબત સાથે કશી લેવા દેવા નથી. આ તો બેગાની શાદીમેં અબ્દુલ્લા દિવાના જેવી વાત હતી. ભારત સરકારે હજુ કેનેડાના પ્રતિભાવ વિશે કોઇ જાહેર નિવેદન કર્યું નથી. કેન્દ્રના નવા કૃષિ કાયદાનો વિરોધ કરનારા જસ્ટિન ટ્રુડો પહેલા આંતરરાષ્ટ્રીય નેતા હતા.

### સરકાર અહંકાર છોડીને....

અગાઉ શનિવારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પણ ખેડૂતોને કેટલીક શરતો સાથે વાતચીત માટે આમંત્રણ આપ્યું હતું જેને ખેડૂત સંગઠોએ ઠુકરાવ્યું હતું. ખેડૂત આંદોલનને લઈને વિપક્ષ પણ સરકાર પર પ્રહાર કરવાની તક ચૂકતું નથી. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મોદી સરકાર પર નિશાન સાધતા જણાવ્યું કે, સરકાર અહંકારની ખુરશીમાંથી ઉતરે અને ખેડૂતો સાથે ન્યાય કરે.

રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને જણાવ્યું કે, જગતના અન્નદાતા રસ્તા પર મેદાનમાં ધરણા પર બેઠા છે..જૂઠ ટીવી પર ભાષણપ આ ખેડૂતોની મહેતનું આપણા પર ઋણ છે અને તે ન્યાયથી જ ચૂકવી શકાશે. ખેડૂતો પર લાઠી વરસાવી કે અશ્રુ ગેસ છોડીને નહીં.. જાગો, અહંકારની ખુરશીથી ઉતરો અને ખેડૂતોનો અધિકાર પરત આપો.

અગાઉ રાહુલ ગાંધીએ પણ સ્પીક અપ ઈન્ડિયા વીડિયો સીરિઝ અંતર્ગત ખેડૂતોના આંદોલનની વાત કરી હતી. ખેડૂતો પર કડકડતી ઠંડીમાં વોટર કેનનો પ્રયોગ કરાઈ રહ્યો છે. શિવસેનાએ પણ કેન્દ્ર પર પ્રહાર કરતા ખેડૂતો સાથે આતંકવાદી જેવું વર્તન બંધ કરવા જણાવ્યું હતું.

# ખેતીની જમીનમાં હાઈટેક નર્સરી તૈયાર કરીને શાકભાજીના રોપા તૈયાર કરી તેના વેચાણ દ્વારા આવકમાં વધારો કરી રહેલા ખેડૂત


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, ખેતીવાડીમાં નવીન ખેતી પદ્ધતિઓ અને ટેકનોલોજીનો ઉપયોગ કરી પોતાની આગવી કોઠાસૂઝથી આજે કેટલાંય ખેડૂતો આત્મનિર્ભરતા તરફ આગળ વધી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બની રહયા છે.

આવી જ કંઈક વાત છે મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ઊંડાણ અને અંતરિયાળ વિસ્તારમાં આવેલા પાદેડી અડોર ગામના પ્રગતિશીલ ખેડૂત લક્ષ્મણભાઇ ડામોરની.

ખેડૂત લક્ષ્મણભાઇ ફાઉન્ડેશન ફોર ઇકોલોજિકલ સિક્યુરીટી (એફ.ઇ.એસ) સંસ્થા અને ટાટા ટ્રસ્ટની સીની સંસ્થાના સહયોગ તેમજ માહિતી અને માર્ગદર્શનમાં પોતાની ખેતીની જમીનમાં હાઇટેક નર્સરી તૈયાર કરીને શાકભાજીના રોપના વેચાણ દ્વારા પોતાની આવકમાં વધારો કરી રહયા છે.

આ અંગેની વિગતો આપતાં એક મુલાકાતમાં કહ્યું કે, તેમની નર્સરીમાં તેઓએ રીંગણ, મરચાં, ટામેટા, ફુલાવર કોબીજ જેવા શાકભાજીના રોપા તૈયાર કર્યા છે. આ રોપ તૈયાર કરવા માટે સારી જાતના બિયારણ, હાઇટેક નર્સરી માટેનું જરૂરી વાતાવરણ અને પદ્ધતિસરની માવજત જરૂરી હોવાનું કહ્યું હતું.

લક્ષ્મણભાઈએ આ હાઇટેક નર્સરી બનાવવા માટેની તમામ આવડત આણંદ એગ્રીકલ્ચર યુનિર્વસિટી, ખેતીવાડી શાખા અને એફ.ઇ.એસ. સંસ્થા દ્વારા યોજાતી તાલીમો અને પ્રેરણા પ્રવાસો દ્વારા હાંસલ કરી હોવાનું જણાવ્યું હતું.

ગુજરાત ઇસરકારના ઉપક્રમે ચાલતા સેન્ટર ફોર એક્સેલન્સ ઓફ વેજીટેબલ ખાતે રાખવામાં આવેલ પ્રેરણા પ્રવાસ અને તાલીમ દરમિયાન તેઓને તંદુરસ્ત અને રોગમુકત શાકભાજીના રોપા કઇ રીતે તૈયાર કરવા તેનું તેઓએ માર્ગદર્શન મેળવ્યું હતું.

લક્ષ્મણભાઈ શાકભાજીના રોપાની સાથોસાથ હાઇટેક પણ છે. તેઓ ગુગલના માધ્યમથી કયા બિયારણો સારા છે, બિયારણના બજાર ભાવ, નર્સરીને લગતી કોઇ નવીન પદ્ધતિ, નર્સરી માટે જરૂરી સામાનનો ભાવ અને પાક સંરક્ષણની જૈવિક પદ્ધતિઓ અંગેની જાણકારી મેળવી તેનાથી માહિતગાર પણ થતા રહે છે. જયારે તેઓ પોતાની નર્સરીની મુલાકાતે આવનાર ખેડૂતોને પણ આ અંગેની વિગતવાર માહિતી આપે છે.

આજે માત્ર મહીસાગર જિલ્લાના ગામોમાં જ નહી પણ દાહોદ, પંચમહાલ, અરવલ્લી, ભૂજ અને રાજસ્થાનના ગામોમાં રોપા પુરા પાડે છે. તેઓએ ઉગાડેલા રોપા કેવુ પરીણામ આપે છે. તે રોપા લેવા આવનારને જીવંત નિદર્શન આપી શકે અને સમજાવી શકે તે માટે અલગથી શાકભાજી પ્લોટ બનાવેલ છે. જેમાં તેઓ તમામ વેરાયટીના છોડનો વિકાસ, ઉત્પાદનની માહિતી આપે છે. આમાં તેમની માર્કેટીંગ કરવાની કોઠાસૂઝ જોવા મળે છે. આ ઉપરાંત તેઓ રોજીંદી શાકભાજીનું વેચાણ કરીને આવક પણ મેળવી રહ્યા છે.

એફ.ઇ.એસ. સંસ્થાની કામગીરી અંગેની માહિતી આપતા સીનિયર પ્રોગ્રામ મેનેજર વિક્રમસિંહે જણાવ્યું કે સંસ્થા ભારતના ૧૦ રાજયોના ૭૮ જિલ્લામાં કાર્યરત છે. સંસ્થાનો મુખ્ય હેતુ જે તે વિસ્તારના પાણી, જમીન, જંગલ અને સામૂહિક જમીનનું સંરક્ષણ અને સંવર્ધન કરીને ટકાઉ આજીવિકા નિર્માણ કરવાનો છે આ તમામ પ્રયાસો ગ્રામ સંસ્થાઓના મજબૂતીકરણ દ્વારા થાય છે.

મહીસાગર જિલ્લામાં પણ સંતરામપુર અને કડાણા તાલુકાનાં ૮૬ ગામોમાં પોતાની આસપાસના કુદરતી સંશાધનોનું રક્ષણ કરીને ખેડૂતોની આજીવિકા વૃધ્ધિ માટે કાર્યરત છે. તેમાં ગ્રામ સંગઠનો બનાવી સામૂહિક નિર્ણયો દ્વારા બિનજરૂરી રસાયણોનો ઉપયોગ ટાળી ખેતી ખર્ચમાં ઘટાડો કરી આજીવિકાને સુધારેલી ટકાઉ બનાવવા આયોજન કરવા પ્રયાસરત હોવાનું જણાવ્યું હતું.

તાજેતરમાં જિલ્લા કલેકટર આર.બી. બારડે પણ આ નર્સરીની મુલાકાત લઇ નર્સરીનું નિરીક્ષણ કરીને લક્ષ્મદણભાઇને પ્રોત્સાહિત કરી એફ.ઇ.એસ. સંસ્થાની કામગીરીને બિરદાવી હતી.

## વડોદરાના કિશનવાડી વિસ્તારમાં લગ્ન પ્રસંગે રસોડામાં સિલિન્ડર બ્લાસ્ટ, કોઈ જાનહાનિ નહીં

વડોદરા, વડોદરા શહેરના કિશનવાડી વિસ્તારમાં લગ્નની વિધિ દરમિયાન ગેસ સિલિન્ડર ફાટતા લગ્ન મંડપમાં આગ લાગી હતી. જેને પગલે અફરાતફરી મચી ગઈ હતી. જોકે ફાયરબ્રિગેડે ઘટના સ્થશે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. વડોદરા શહેરના કિશનવાડી વિસ્તારમાં લગ્નની વિધિ ચાલી રહી હતી, ત્યારે જાનૈયાના જમણવાર માટે બનાવવા બનાવેલા રસોડામાં આગ લાગી હતી.

જેને પગલે લગ્ન મંડપમાં આગ લાગી ગઈ હતી. જેના કારણે જાનૈયાઓમાં દોડધામ મચી ગઈ હતી અને સ્થાનિક લોકોએ આગ કાબૂમાં મેળવવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા હતા. જોકે ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી અને આગ કાબૂમાં લીધી હતી. ગેસ સિલિન્ડર ફાટતા લગ્ન મંડપમાં આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. જોકે આગની આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. પણ મંડપનો કેટલોક ભાગ બળીને ખાખ થઈ ગયો હતો.

## આજનું પંચાંગ


વિક્રમ સંવત-૨૦૯૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૦૨-૧૨-૨૦૨૦, બુધવાર, નિજ કારતક વદ-૨, સૂર્યોદય-૭-૧૧, સૂર્યાસ્ત-૬-૦૦, જૈન નવકારશી-૭-૫૯, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ મૃગશીર્ષ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
દિવસ ૧૦-૩૮સુધી શુભ-(૧૦-૩૮ સુધી) ૭-૧૨થી લાભ-અમૃત-૯-૫૪ સુધી, ૧૧-૧૫ થી શુભ-૧૨-૩૬ સુધી, ૧૫-૧૯થી ચલ-લાભ-૧૮-૦૦ સુધી, ૧૯-૪૦થી શુભ-અમૃત-ચલ-૨૪-૩૭ સુધી

- શુભ હોરા-
૭-૧૨ થી ૯-૦૦ સુધી, ૯-૫૪ થી ૧૦-૪૮ સુધી, ૧૨-૩૬ થી ૧૫-૧૯ સુધી, ૧૬-૧૩ થી ૧૭-૦૭ સુધી

## સ્પુટનિક અને ફાઈઝર બાદ વધુ એક કંપનીનો અસરકારક રસીનો દાવો
# મોર્ડનાની કોરોના રસી અંતિમ ટ્રાયલમાં ૯૪ ટકા અસરકારક રહી હોવાનો દાવો




વોશિંગ્ટન, અમેરિકન કંપની મોર્ડનાએ જણાવ્યું હતું કે કોરોનાથી બચાવનારી તેની રસી અંતિમ ટ્રાયલમાં ૯૪ ટકા અસરકારક રહી. વિશ્વભરમાં કોરોનાના નવા કેસોમાં થતા વધારા વચ્ચે રાહતની વાત એ છે કે ઘણી કંપનીઓએ કોરોનાની રસી બનાવવાનો દાવો કર્યો છે. તેના સંદર્ભમાં વિશ્વની અગ્રણી ફાર્મા કંપનીઓ સ્પુટનિક અને ફાઈઝર પછી આમ વધુ એક કંપનીએ કોરોનાથી બચાવવા માટે એકદમ અસરકારક રસી બનાવવામાં સફળતા મળી હોવાનો દાવો કર્યો છે.

અમેરિકાની કંપની મોર્ડના હવે ઈમરજન્સી લાઈસન્સ માટે અમેરિકા, યુરોપ અને યુકેના સરકારી નિયમનકારોને તેની રસીના અંતિમ ટ્રાયલના પરિણામને મોકલવાના આખરી તબક્કામાં છે. કંપનીએ જણાવ્યું હતું કે તેને આશા છે કે અમેરિકન ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (યુએસએફડીએ) ૧૭ ડિસેમ્બરે પોતાની બેઠકમાં તે રસીના ઉપયોગને મજૂરી આપી શકે છે.

મોર્ડના જણાવ્યા મુજબ બ્રિટનમાં તેમની રસી અંતિમ તબક્કામાં ૯૪.૫ ટકા સુધી અસરકારક રહી. છેલ્લા સપ્તાહમાં આવેલા પરિણામોથી ઉત્સાહિત કંપનીએ જણાવ્યું હતું કે બ્રિટનમાં માર્ચ ૨૦૨૧ સુધી રસીનો પુરવઠો પૂરો પાડવો શક્ય નહીં હોય. મોર્ડનાને રસી બનાવવા માટે અમેરિકાની ફેડરલ ગવર્નમેન્ટે ૨.૪૮ અબજ ડોલરનું ફંડિંગ આપ્યુ હતુ.

ભારતમાં પણ કોરોનાની રસી બનાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદમાં ઝાયડસ બાયોટેક પાર્ક, હૈદરાબાદમાં ભારત બાયોટેક અને પુણેમાં સીરમ ઈન્સ્ટિટ્યુટમાં રસીની તૈયારીની સમીક્ષા કરી ચૂક્યા છે. આ અંગે માનવામાં આવે છે કે ટૂંક સમયમાં કોરોનાની રસીને લઈને સારા સમાચાર આવી શકે છે.

સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાના મુજબ કોરોનાની રસી ટૂંક સમયમાં ઉપયોગ માટે તૈયાર હશે. કંપનીનું કહેવું છે કે તેમની કોવિશિલ્ડના પરિણામ શાનદાર રહ્યા છે. કંપનીના મુખ્ય અધિકારીઓ કહી ચૂક્યા છે કે કોવિશીલ્ડની ઈમરજન્સીમાં ઉપયોગની મંજૂરી માટે ટૂંક સમયમાં અરજી કરવામાં આવશે. આ જ રીતે રશિયાની કોરોના વેક્સિન સ્પુટનિક વીને ભારતમાં માનવીય પરીક્ષણ માટે મંજૂરી મળી ચૂકી છે. ડ્રગ કંટ્રોલર ઓફ ઈન્ડિયા (ડીજીસીઆઈ દેશમાં કોરોનાની રસી સાથે સંલગ્ન બધી જાણકારીઓ પર ચાંપતી નજર રાખી રહ્યા છે.

# કોરોનાના દૈનિક કેસોમાં ઘટાડો, ૨૪ કલાકમાં ૩૧,૧૧૮ લોકો સંક્રમિત થયા



ન્યુ દિલ્હી, દેશમાં કોરોનાનું સંક્રમણ એકબાજુ જ્યાં ઘટી રહ્યું હોય તેવા સંકેત આપે છે ત્યાં કેટલાક રાજ્યોમાં કોરોના ફરીથી એકવાર માથું ઉચકતો જોવા મળી રહ્યો છે. આવામાં રાજ્ય સરકાર અને ભારત સરકાર માટે સમસ્યા ઊભી થઈ ગઈ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા તાજા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૩૧,૧૧૮ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસની સંખ્યા ૯૪,૬૨,૮૧૦ પર પહોંચી ગઈ છે. જેમાંથી ૪,૩૫,૬૦૩ એક્ટિવ કેસ છે. જ્યારે ૮૮,૮૯,૫૮૫ દર્દીઓ સાજા થઈ ગયા છે.

કોરોનાએ એક જ દિવસમાં ૪૮૨ લોકોનો ભોગ લીધો છે. દેશમાં કોરોનાથી મૃત્યુનો આંકડો ૧,૩૭,૬૨૧ પર પહોંચી ગયો છે. રાજધાની દિલ્હીની વાત કરીએ તો ૩૨,૮૮૫ એક્ટિવ કેસ છે. અત્યાર સુધીમાં કુલ ૫,૨૮,૩૧૫ લોકો કોરોના સંક્રમિત થયા છે. જ્યારે કુલ ૯૧૭૪ લોકોએ અત્યાર સુધીમાં જીવ ગુમાવ્યો છે. જ્યારે મહારાષ્ટ્રમાં ૯૧,૬૨૩ એક્ટિવ કોરોના કેસ છે. જ્યારે કુલ ૧૬,૮૫,૧૨૨ લોકો કોરોના સંક્રમિત થયા છે. અત્યાર સુધીમાં અહીં ૪૭,૧૫૧ લોકોના કોરોનાથી જીવ ગયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ દેશમાં ૭ ઓગસ્ટના સૌપ્રથમ વખત ૨૦ લાખ કોરોનાના કેસો નોંધાયા હતા. ૨૩ ઓગસ્ટના ૩૦ લાખનો આંક વટાવ્યો હતો, ૫ સપ્ટેમ્બરના ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરના ૫૦ લાખ, ૨૯ સપ્ટેમ્બરના ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબરના ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરના ૮૦ લાખ તેમજ ૨૦ નવેમ્બરના ૯૦ લાખનો આંક વટાવ્યો હતો.

આસીએમઆરના મતે દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧૪,૧૩,૪૯,૨૯૮ કોરોના સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ૩૦ નવેમ્બરના દેશમાં ૯,૬૯,૩૩૨ કોરોનના સેમ્પલનું ટેસ્ટિંગ હાથ ધરાયું હતું.

ભારતમાં તેજીથી કોરોના વેક્સીન બનાવવા પર કામ ચાલી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં અમદાવાદના ઝાયડ્સ કંપનીના પ્લાન્ટમાં, હૈદરાબાદમાં ભારત બાયોટેક અને પૂણેમાં સિરમ ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત લીધી છે. માનવામાં આવી રહ્યું છે કે, જલ્દી જ કોરોના વેક્સીનને લઈને ખુશખબરી આવી શકે છે.

## અમદાવાદની સિવિલ હોસ્પિટલના વધુ ૫ તબીબો કોરોનાથી સંક્રમિત

અમદાવાદ, શહેરમાં કોરોના સંક્રમિતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. જીવલેણ વાઈરસના સંક્રમણનું સૌથી વધુ જોખમ કોરોના સામે ફ્રન્ટ લાઈન ફાઈટ કરી રહેલા ડૉક્ટરો સહિતના મેડિકલ સ્ટાફને વધારે રહે છે, ત્યારે અમદાવાદની સિવિલ હોસ્પિટલના વધુ ૫ તબીબો કોરોનાથી સંક્રમિત થયા છે.

ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં પણ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવી રહેલા અનેક કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થઈ ચૂક્યાં છે. તાજેતરમાં હોસ્પિટલના મેડિસીન વિભાગ સહિત અન્ય વિભાગા હેડ ઓફ ડિપાર્ટમેન્ટ કોરોનાથી સંક્રમિત થયા હતા. હવે સિવિલ હોસ્પિટલમાં ડ્યૂટી કરી રહેલા ૫ તબીબો કોરોની ચપેટમાં આવ્યા છે. હાલ આ તમામ ડૉક્ટરોને સિવિલ હોસ્પિટલમાં જ સારવાર આપવામાં આવી રહી છે.

## દૈનિક રાશીફળ

તા.૦૨.૧૨.૨૦૨૦ બુધવાર

મેષ (અ.લ.ઈ.) :- તમારા કાર્યક્ષેત્રે ગોટાળાજનક પરિસ્થિતિ હોય તેને સરખું કરતા સાંજ થાય પણ દરેક કાર્ય સરળતાથી પુરા થાય.
વૃષભ (બ.વ.ઉ.) :- તમારા કામકાજની પરિસ્થિતિ વણસતી જાય તેથી માનસિક ચિંતામાં વધારો ને તબિયત નબળી બને.
મિથુન (ક.છ.ઘ.) :- તમારા કાર્યક્ષેત્રે બહારગામથી સારા નફાકારક ઓર્ડરો આવે પણ બપોરથી ઓચિંતી ઉપાધીના ભોગ બનો.
કર્ક (ડ.હ.) :- તમારા પરિવારમાં મહેમાનની પથરામણી થાય. બપોરથી પિકનિક સમો પ્રોગ્રામ થાય સાથે આનંદ માણો.
સિંહ (મ.ટ.) :- તમારું મન ભટક્યા કરતા કોઈ નિર્ણય પર પહોંચ્યો નથી. બપોરથી કાર્ય પુરા કરવામાં વ્યસ્ત રહો. પણ ખર્ચ વધે
કન્યા (પ.ઠ.ણ.) :- તમારા સ્વજનો તમારો ગેલાભ લેતા વિખવાદ થાય. બપોરથી કાર્યક્ષેત્રે નિરસતા પ્રવર્તે. અસફળતા અનુભવો.
તુલા (ર.ત.) :- તમારા કાર્યક્ષેત્રે સફળતા મળતા આત્મવિશ્વાસ વધે. બપોરથી ઓચિંતુ સંકટ ઉભું થતાં કસોટીમય સમય જાય.
વૃશ્ચિક (ન.ય.) :- તમારા મનમાં નકારાત્મક વિચારો કબજો લે. બપોરથી તેને ખંખેરી કાર્ય પુરા કરવા મથો. તમારી ક્ષમતા બહાર આવે.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- તમારા કાર્યક્ષેત્રે હળવાશ ને શાંતિ અનુભવો. બપોરથી કુટુંબનું વાતાવરણ કલુષિત બને. તકરાર થાય.
મકર (ખ.જ.) :- તમે સારા નરસાનો વિવેક ચુકી જતાં નિંદાને પાત્ર બનો. બપોરથી આવક વધારવાના પ્રયાસોમાં સફળતા મળે.
કુંભ (ગ.શ.સ.) :- તમારા કાર્યક્ષેત્રે આવકના સ્ત્રોતમાં વધારો થાય પણ બપોરથી શત્રુઓની પરેશાન વધે. ધનખર્ચ થાય.
મીન (દ.ચ.ઝ.) :- તમારી કાર્ય કરવાની પદ્ધતિને દુર્દેશીને કારણે અનેક જગ્યાએથી આર્થિક લાભ મેળવો. આનંદ પ્રવર્તે.

# લીમખેડાના પ્રતાપપુરા ગામે વાહન ચેકીંગ દરમ્યાન આઈસર ગાડીમાં લઈ જવાતા ૮.૮૬ લાખના જથ્થા સાથે એક ઈસમ ઝડપ્યો

લીમખેડા

લીમખેડા તાલુકાના પ્રતાપપુરા ગામેથી પોલીસે મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી એક ઈસમની અટકાયત કરી છે જ્યારે ત્રણ જેટલા ઈસમો નાસી જવામાં સફળ રહેતા તેઓની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે. આ પ્રોહી રેડમાં પોલીસે કુલ રૂા.૮,૮૬,૮૦૦ ના પ્રોહી જથ્થા સાથે આઈસર ગાડી કિંમત રૂા.૫ લાખ, મોબાઈલ વિગેરે મળી કુલ રૂા.૧૩,૮૭,૩૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે.

ગાંધીના ગુજરાતમાં અને તે પણ દાહોદ જિલ્લામાં જાણે વિદેશી દારૂનો મોટા પ્રમાણમાં વેચાણ સહિત હેરાફેરી થાય છે તેમ કહીએ તો તેમાં કોઈ અતિશ્યક્તિ નહીં ગણાય. દાહોદ જિલ્લામાં દિનપ્રતિદિન પોલીસ દ્વારા બુટલેગરોના ઘરોમાંથી તો હેરાફેરી કરતાં તત્વોની ઝડપી પાડી લાખોની કિંમતનો વિદેશી દારૂ અવાર નવાર ઝડપી પાડવામાં આવે છે ત્યારે આ બુટલેગરો પર લગામ કસવી અતિ આવશ્યક બની રહી છે.

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પ્રતાપપુરા ગામે ગત તા.૩૦મી નવેમ્બરના રોજ પ્રતાપપુરા ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક આઈસર ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને આઈસર ગાડી નજીક આવતાની સાથે જ તેને ચારેય તરફથી પોલીસે ઘેરી લઈ ચાલક રાજેનકુમાર જશવંતભાઈ ભેરૂસિંહ રાજપુત (રહે.ઈન્દૌર,મધ્યપ્રદેશ) ની અટકાયત કરી હતી. પોલીસે આઈસર ગાડીની તલાસી લેતાં એકક્ષણે ચોંકી ઉઠી હતી અને તલાસી દરમ્યાન તેમાંથી વિદેશી દારૂની પેટીઓ સાથે બોટલો નંગ.૪૨૩૬ જેની કુલ કિંમત રૂા.૮,૮૬,૮૦૦નો પ્રોહી જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે પાંચ લાખની કિંમતની આઈસર ગાડી એક મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂા.૧૩,૮૭,૩૦૦ નો મુદ્દામાલ કબજે લઈ આ ચાલક સિવાય સંતોષકુમાર (રહેવા.ઈન્દૌર, મધ્યપ્રદેશ), દારૂ ભરી આપનાર શખ્સ અને દારૂની ગાડી લેવા આવનાર શખ્સ (રહે.વડોદરા) આ તમામ વિરૂધ્ધ પણ પ્રોહીનો ગુનો નોંધી લીમખેડા પોલીસે તમામના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દે.બારીઆના ભથવાડા ટોલબુથ પાસેથી કારમાં લઈ જવાતો ૭૧ હજારનો દારૂનો જથ્થો ઝડપ્યો

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસે પોલીસની નાકાબંધી દરમ્યાન એક ફોર્ડ ફીસ્ટા ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસને જોઈ ગાડીમાં સવાર ચાલક ગાડી મુકી નાસી જતાં પોલીસે ગાડીમાંથી વિદેશી દારૂનો રૂા.૭૧,૦૦૦ના જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૧,૨૧,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૩૦મી નવેમ્બરના રોજ દેવગઢ બારીઆ પોલીસ ભથવાડા ટોલનાકા પાસેથી નાકાબંધી કરી ઉભી હતી. આ દરમ્યાન એક ફોર્ડ ફીસ્ટા ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસને જોઈ ગાડીનો ચાલક નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે આ ગાડીની નજીક જઈ ગાડીમાં તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૧૭૬ કિંમત રૂા.૭૧,૦૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૧,૨૧,૦૦૦નો મુદ્દામાલ કબજે લઈ ચાલક વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં બે આકસ્મિક આગના બનાવમાં વાહનો અને સામાન બળીને ખાખ થયો

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે બે જુદી જુદી જગ્યાએ આકસ્મિક રીતે બનેલા બે આગના બનાવમાં હજારો રૂપિયાનું ઘાસ તેમજ રોડ બનાવવા વાહનો સહિતનો સમાન આગની લપટોમાં બળીને રાખ થઈ જવા પામ્યું છે. જયારે આગના બન્ને બનાવોમાં સદભાગ્યે કોઈ જાનહાની થવા પામી નહોતી



દાહોદ જિલ્લામાં આગનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના ગલાલિયાવાડ મહુડીઝોલા પાસે રાતના સાડા પોણા દસ વાગ્યાંના અરસામાં બનવા પામ્યો હતો. જેમાં ખુલ્લી જગ્યામાં મુકેલા ઘાસના પુણાઓમાં અકસ્માતે આગ લાગી જતા આંખે જોતાં જોતાં પણ રૂપ ધારણ કરી લીધો હતો. જોકે આ આગ વધુ વકરે તે પહેલા સ્થાનિકોએ દાહોદ અગ્નિશામક દળને આ બનાવની જાણ કરતા અગ્નિશામક દળના ફાયર ફાઈટર તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવી આગ પર પાણીનો મારો ચલાવી આગ ઓલવી લીધી હતી. જોકે આગ લાગવાનો ચોક્કસ કારણ જાણી શકાયું નથી પરંતુ સ્થાનિકોના કયા અનુસાર આજે દેવદિવાળીના પર્વે સ્થાનિક બાળકો દ્વારા ફટાકડા ફોડી રહ્યા હતા. તે દરમિયાન આકસ્મિક રીતે ઘાસના પુળાઓમાં આ આગ લાગી હતી. જો કે સમાચાર લખાય છે. ત્યાં સુધી આગના બનાવમાં કુલ કેટલું નુકસાન થયું છે. તે હાલ જાણી શકાયું નથી પરંતુ આ બનાવમાં કોઈ જાની થવા પામી નહોતી.

જયારે આગનો બીજો બનાવ દે. બારીયાના ધાનપુર તાલુકાના પીપેરો ગામે સાંજના સુમારે બનવા પામ્યો હતો. જેમાં પીપેરો ગામના રાજ ટ્રેડર્સ ખાતે રોડ નવીન રોડ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું. તે સમયે ડામર રોડ બનાવવા વાળા વાહનોમાં આકસ્મિક આગ લાગી જતા કોઈક કઈ સમજે તે પહેલા વાહનો આગની લપટોમાં લપેટાઈ ગયા હતા. ત્યારબાદ આ બનાવની જાણ ધાનપુર તાલુકા પંચાયતના અધ્યક્ષ બળવંતભાઈ ખાબડને થતાં તેઓ ઘટના સ્થળે તાબડતોબ દોડી આવી મોટરો તેમજ ટેન્કરો વડે પાણીનો મારો ચલાવી આગ ઓલવી નાખી હતી. આ બનાવમાં પણ વાહનો આગની લપટોમાં ભસ્મીભૂત થઈ ગયા હતા. જોકે સદભાગ્યે કોઈ જાનહાની થવા પામી નહોતી.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૧૬ કોરોના પોઝીટીવ કેસો નોંધાતા જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૨૨૨ને પાર થઈ ગયો છે જ્યારે એક્ટીવ કેસની સંખ્યા ૧૭૯ને પાર કરી ગઈ છે.

આર.ટી.પી.સી.આર.ના ૮૫૨માંથી ૧૦ અને રેપીટ ટેસ્ટના ૧૫૧૫માંથી ૦૬ એમ આજે દાહોદ જિલ્લામાં ૧૬ કોરોના પોઝીટીવ કેસો નોંધાયા છે. આ ૧૬ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૪, દાહોદ ગ્રામ્યમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૫, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૨, લીમખેડામાંથી ૦૧ અને ધાનપુરમાંથી ૦૩ કેસોનો સમાવેશ થાય છે. આજે વધું ૨૧ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એકટીવ કેસની સંખ્યા ૧૭૯ને પહોંચી છે જ્યારે દાહોદ જિલ્લામાંથી અત્યાર સુધી કોરોનાથી જીવ ગુમાવનાર દર્દીઓની સંખ્યા ૮૨ થઈ ગઈ છે.

# દે.બારીઆમાં જશ્ને ગૌષીયાની શાનદાર ઉજવણી કરવામાં આવી રહી છે

દે.બારીઆ,

દે.બારીઆ શહેરમાં કસ્બામાં એહલે સુન્નતના મહાન વલીઓના વણ પીરાને પીર રોન જમીર શેખ અબ્દુલ કાદીર જીલાની ગૌષે સમદાની ર.હ.મ.ના ઉર્ષ વર્ષોની પરંપરા અનુસાર રબીઉલ આખીરના પહેલા ચાંદની રાત થી સતત ૧૧ દિવસ ઈશાની નમાઝ બાદ ઉસ્કુલ્લાહ શાહ બાવાના આસ્તાના પાસે તકદીરનું આયોજન થાય છે. જેમાં તકદીરના અલગ અલગ મુર્કકીરોના ઈમાન અફરોઝે બયાન થી ઈમાન તરોતાજા થઈ જાય છે. ગૌષુશ શકૈલતના જીવન ચરિત્રના વિશે બયાન થી હાજર ગણ શોખ સાથે બાળકો, મહિલાઓ, વૃદ્ધો, નૌજવાનો આખા ઉર્ષની ઉજવણીનું સંચાલન કરે છે. રોજની તકદીરોનું ખર્ચ અને હદીયા પેટે રકમ અલગ અલગ વ્યકિતઓના દ્વારા તેમના મર્હુમોના ઈસાલે સવાલ મળે તેવા હેતુ સાથે ખર્ચ કરે છે. આવા કાર્ય કરવાને કોઈ ફૂઝુલ ખર્ચ કરે તે મહામૂર્ખ છે. આમ તો ઉર્ષની તા.૧૭ રબીઉલ આખર છે. પરંતુ ગ્યારમી શરીફના નામથી મશહુર થયા છે. દરેક અકીદત મંદોના દ્વારા કુર્આની ખ્વાની, નિશાન (અલમ), જીકુશઉફ, નાતખ્વાની મહેફીલોનું આયોજન થઈ રહ્યું છે. પોતાની યથાશકિત મુજબ ન્યાઝ, (પ્રસાદી)નું આયોજન કરતા આવ્યા છે. અને તેમજ આમ ન્યાઝનું મોટા પ્રમાણે થઈ રહી છે. આખા મહિના પીરાને પીર ગોષેપાઉની મહેફીલો થતી રહેશે અને જશ્ને ગોષીયાની શાનદાર ઉજવણી વર્ષોથી થતી આવી છે. અને તા કયામત ઈન્શાહ અલ્લા થતી રહેશે.

# દાહોદના પંડ્યા ફાર્મના ગ્રાઉન્ડ પાસેથી પસાર થતાં વ્યકિતને અજાણ્યા લુંટારૂઓએ શરીરે બ્લેડ મારી મારી નાખવાની ધમકી આપી ૧.૯૬ લાખની લુંટ કરી

દાહોદ,

દાહોદ શહેરમાં પંડ્યા ફાર્મના ગ્રાઉન્ડ તરફથી પસાર થઈ રહેલ એક વ્યકિતનો એકલતાનો લાભ લઈ ચાર અજાણ્યા લુંટારૂઓએ હાથે તેમજ શરીરે બ્લેડ મારી મારી નાંખવાની ધમકી આપી વ્યકિત પાસે રહેલ રોકડા રૂપીયા ૧,૯૬,૩૦૦ ભરેલ બેગ તેમજ બીજો સમાન મળી કુલ રૂા.૧,૯૬, ૪૦૦ની મુદ્દામાલની બેગની લુંટ કરી નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગત તા.૩૦મી નવેમ્બરના રોજ દાહોદ તાલુકાના રળીયાતી ગામે સાંસીવાડમાં રહેતો હેમંતકુમાર પ્રકાશબાઈ ભાના (સાંસી) દાહોદ શહેરના પંડ્યા ફાર્મ ગ્રાઉન્ડ પાસેથી સાંજના ૬ વાગ્યાના આસપાસ પસાર થઈ રહ્યા હતા અને તેઓની પાસે રોકડા રૂપીયા ૧,૯૬,૩૦૦, નવા ખાતા ધારકોની ૧૨ ચોપડી તેમજ કેલ્કયુલેટર મળી કુલ રૂા.૧,૯૬,૪૦૦ની બેગ હતી. આ દરમ્યાન અજાણ્યા ચાર જેટલા લુંટારૂઓ બે મોટરસાઈકલ પર સવાર થઈ આવ્યા હતા અને હેમંતકુમારને શરીરે બ્લેડ મારી, આંખમાં મરચું નાંખી, ગળું કાપી દેવાની ધમકી આપી હતી અને તેઓની પાસે રહેતી રોકડા રૂપીયા ભરેલ બેગની સનસનાટી ભરી લુંટ ચલાવી નાસી જતાં ઈજાગ્રસ્ત હેમંતકુમાર દ્વારા બુમાબુમ કરી મુકતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા પરંતુ લુંટને અંજામ આપી લુંટારૂઓ નાસી જવામાં સફળ રહ્યા હતા.

આ સંબંધે લુંટનો ભોગ બનેલ હેમંતકુમાર પ્રકાશભાઈ ભાના (સાંસી) દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી લુંટારૂઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

# ઝાલોદ તાલુકાના કારઠ ગામે બેંકની નોકરી છોડી સરપંચ બનેલા યુવાને ગામના વિકાસને આપી નવી દિશા

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના કારઠ ગામનું નેતૃત્વ કરતા હર્ષદભાઈ નાયકે રાજ્ય સરકારની યોજનાઓનો ઝડપથી અમલ કરાવી ગામના લોકોની સુવિધામાં વૃદ્ધી કરી. ગ્રામીણ કક્ષાએ જરૂરી ભૌતિક સુવિધાઓ ઉભી કરવાના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દ્રઢ સંકલ્પ અને ગ્રામ્ય કક્ષાએ સબળ નેતૃત્વના પરિણામે વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે. આ બાબતનું ઉત્તમ ઉદાહરણ ઝાલોદ તાલુકાનું કારઠ ગામ છે. બેંકની નોકરી છોડી સરપંચ બનેલા યુવાને કારઠ ગામના વિકાસને નવી દિશા આપી છે.



ઝાલોદ તાલુકામાં લીમડી નજીક આવેલા કારઠ ગામમાં પ્રવેશીએ એટલે તુરંત તમને ગામમાં થયેલા વિકાસ કામો ઉડીને આંખે વળગે છે. એટલું જ નહીં, મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતી નિમિત્તે સરકાર દ્વારા ચલાવવામાં આવતી સ્વચ્છ ભારત મુહિમનું પ્રતિબિંબ આ ગામમાં ઝીલાય છે. ગામમાં સવારના સમયે ઘરેઘરેથી કચરાનું એકત્રીકરણ થતું જોવા મળે છે.

કારઠ ગામના ૭૫ ટકા વિસ્તારને આરસીસી રસ્તાથી આવરી લેવામાં આવ્યા છે. ગામમાં રસ્તા સિમેન્ટના બનતાના કારણે ગ્રામજનોને સહુલિયત ઉભી થઈ છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન પણ ગામમા ગંદકી જોવા મળતી નથી.

ગામમાં પહેલા પાણી વિતરણમાં સમસ્યાઓ હતી. ગામના કેટલાક ઘરોને અપૂરતા ફોર્સથી પાણી મળતું હતું. તે સમસ્યાને ધ્યાને લઇ પાણી વિતરણની વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો. ડિસ્ટ્રીબ્યુશન વાલ્વનું કેન્દ્રીકરણ કરવામાં આવ્યું. હવે માત્ર એક જ જગ્યાએથી પાણી વિતરણનું સંચાલન કરવામાં આવે છે. જેતે વિસ્તારનો વાલ્વ ખોલો એટલે પીવા માટે શુદ્ધ પાણી ઘર સુધી પહોંચી જાય છે.

પંચાયતોના વિકેન્દ્રીકરણ બાદ નવેક માસ પૂર્વે સરપંચ બનેલા હર્ષદભાઈ નાયકે નેતૃત્વ સંભાળતાની સાથે ગામના વિકાસને નવી દિશા આપી છે. તેમની વાત પણ રસપ્રદ છે. હર્ષદભાઈ પહેલા બેંકમાં નોકરી કરતા હતા. સાથે, ટેન્ટનો કારોબાર કરતા હતા. પણ, સરપંચ તરીકે ગામનો વિકાસ કરવાની તેમની પ્રબળ નેમને કારણે સહકારી બેંકની નોકરી છોડી દીધી.

સરપંચ બનતાની સાથે જ હર્ષદભાઈએ ગામના યુવાનોને ધ્યાને રાખીને ગામના રમતગમતના મેદાનનો વિકાસ કરવાનું નક્કી કર્યું. ગામના પાદરમાં સરસ મજાનું મેદાન બનાવ્યું છે. આ મેદાનમાં રજાના દિવસોમાં રમતગમતનો મેળવડો જામે છે. ક્રિકેટની મેચો જામે છે. એ સિવાયની અન્ય રમતો માટે પણ યુવાનો ઉત્સાહ દાખવે છે. આના પાછળ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત ખેલો ઈન્ડિયા અને ફિટ ઈન્ડિયા અભિયાન પરિબળ સમાન છે. આટલું જ નહીં, ગામની શાળાને હર્ષદભાઈએ પોતાના ખર્ચે રંગરોગાન કરાવી ઈમારતને સુંદરતા બક્ષી છે. શાળામાં સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે. ગામના બાળકોને ઉત્તમ વાતાવરણમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે એ માટે તેઓ સતત સક્રિય છે. આંગણવાડીના બાળકો માટે પણ નવું બિલ્ડિંગ બનાવવા માટે ગ્રામ પંચાયતનું આયોજન છે.

રમતગમતના મેદાન પાસે જ આવેલા સ્મશાનનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. તેની પાસે એક ચેકડેમ બનાવવામાં આવ્યો છે. સ્મશાનને અડીને સ્નાનઘાટ બનાવવામાં આવ્યો છે. હાલમાં ત્યાં ઉપવન બનાવવાની કામગીરી શરૂ છે. ફળફળાદી સહિતના રોપા વાવવામાં આવ્યા છે. માત્ર વાવીને જવાબદારી પૂર્ણ ન કરી દેતા ત્યાં ફેન્સિંગ કરવામાં આવ્યું છે. રોપાને પાણી માટે ઈરિગેશનની સુવિધા આપવામાં આવી છે.

ગ્રામ પંચાયતના સભ્યો ઉપરાંત ગામના યુવાનો પણ હર્ષદભાઈ સાથે ખંભેથી ખંભા મિલાવી કામ કરે છે. કોઈને સરકારી સહાય માટે કે સુખદુઃખના પ્રસંગે હર્ષદભાઈ તેમની સાથે ઉભા રહે છે.

તેઓ કહે છે કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગામડાઓના વિકાસ માટે અનેક પ્રકારની યોજનાઓ અમલમાં મૂકી છે. તેના કારણે ગામડાઓનો વિકાસ થઈ રહ્યો છે. આ માટે મુખ્યમંત્રીનો આભાર માનવો ઘટે.

નાયક કહે છે નેતૃત્વ સંભાળ્યાના નવ માસમાં ગામનું બાળક ગામમાં જ શિક્ષણ મેળવે એ હેતુથી પ્રાથમિક શાળાને મોડેલ બનાવવાના લક્ષ્ય સાથે કામગીરી કરાઈ રહી છે, સ્મશાન ગૃહ અને શાળાના અદ્યતન પ્રવેશ દ્વારો અને ગાર્ડનિંગ પલાનિંગ થકી જ વિકાસ કામનો અહેસાસ થાય, કોઈ પણ કામનું આયોજન આગામી ૩૦થી ૪૦ વર્ષની જરૂરિયાતને ધ્યાને રાખી કરવામાં આવ્યું છે. ગામ માટે ખાસ વિઝન તૈયાર કરવામાં આવ્યું છે.

આગામી સમયમાં કરવાના મહત્વ પૂર્ણ કામો, ગામની મૂળભૂત જરૂરિયાતો પૈકી બાકી રહેલ આખા ગામની ભૂગર્ભ ગટર, પીવાના પાણીની પાઈપ લાઇન મુખ્યમંત્રીની નલ સે જળ યોજના અંતર્ગત પૂર્ણ કરવાનું લક્ષ્ય, બાકી રહેલા રસ્તાઓ, બાકી રહેલા સ્ટ્રીટ લાઈટોને આવરી લેવામાં આવ્યા છે.

ચાલુ વર્ષે કરવાના કામોનું લક્ષ્ય જોઈએ તો સુંદરતામાં વધારો કરવા માટે ગામનો સાંસ્કૃતિક અતિસુંદર પ્રવેશ દ્વાર, મંદિર, સીસીટીવી કેમેરાઓ, પંચાયતના તમામ પ્રકારની હિસાબ કિતાબ કોમ્પ્યુટરાઈઝ કરી લાઈટ બિલ ફોન બિલ વિગેરે જેવી સુવિધાઓ, પીવાના પાણી નો સ્ત્રોત વધારવા માટે કૂવો અને મૂળભૂત જરીરીયાત પૈકીના ગટર, રસ્તા, વિગેરે પેન્ડિંગ કામોને આગળ વધારવાના કામનું આયોજન છે.

# દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતની બનાવમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બનેલા બે બનાવોમાં બે વ્યક્તિઓના અકાળે મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના નગરાળા ગામે ગત તા.૨૯મી નવેમ્બરના રોજ બનવા પામ્યો હતો. જેમાં એક નંબર વગરની મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રસ્તે ચાલતા જતાં ૬૦ વર્ષીય કબુબેન સોમલાભાઈ ગરવાળ (રહે.નગરાળા, બંગલા ફળિયું,તા.જિ.દાહોદ) ને પાછળથી અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં કબુબેનને શરીરે તથા માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જયાં સારવાર દરમ્યાન કબુબેનનું મોત નીપજતાં આ સંબંધે નગરાળા ગામે બંગલા ફળિયામાં રહેતા વિનુભાઈ દિતીયાભાઈ ભાભોરે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ગરબાડા તાલુકાના દેવધા ગામે ગત તા.૩૦મી નવેમ્બરના રોજ બનવા પામ્યો હતો જેમાં એક આઈસરના ચાલકે પોતાના કબજાની આઈસર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થતાં રમેશભાઈ બચુભાઈ દેહદા (રહે.દેવધા, ગુંદરા ફળિયું, તા.ગરબાડા,જિ.દાહોદ) ને અડફેટમાં લેતા રમેશભાઈ મોટરસાઈકલ પરથી જમીન પર પટકાતાં તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ સંબંધે દેવધા ગામે ગુંદરા ફળિયામાં રહેતા જતનભાઈ બચુભાઈ દેહદા દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઔદ્યોગિક ક્ષેત્રે મંદી: નવેમ્બરમાં મેન્યુફેકચરિંગ PMI ૩ માસને તળિયે

ન્યુ દિલ્હી,

દેશની મેન્યુફેક્ચરિંગ પ્રવુતિમાં ફરીવાર ઘટાડો નોંધાયો છે. કારખાના ઓર્ડર,નિકાસ અને ખરીદીમાં ઘટાડાને અકરને દેશની મેન્યુફેક્ચરિંગ એક્ટિવિટી નવેમ્બરમાં ત્રણ માસના તળિયે પહોંચી ગઈ છે. આજે જારી કરવામાં આવેલ એક માસિક સર્વેમાં આ માહિતી મળી છે. આઈએચએસ માર્કિટ ઈન્ડિયાનો પીએમઆઈ ઈન્ડેક્સ નવેમ્બરમાં ઘટીને ૫૬.૩ થઈ ગયો છે જે ઓક્ટોમ્બરમાં ૫૮.૯ હતો.આ ત્રણ માસનું સૌથી નીચલું સ્તર છે. આ આંકડાઓથી માહિતી મળે છે કે દેશમાં મેન્યુફેક્ચરિંગ એક્ટિવિટી મજબૂત બની છે જોકે નવેમ્બરમાં તેની ઝડપ ઘટી છે. પીએમઆઈનો ૫૦ ટકાથી વધુનો આંકડો વૃદ્ધિ જ્યારે તેનાથી નીચેનો આંકડો સંકોચન દર્શાવે છે.

આઈએચએસ માર્કિટના એસોસિએટ નિદેશક (ઈકોનોમિક્સ) પોલિયાના ડિ લિમાએ કહ્યું છે કે ભારતનું મેન્યુફેક્ચરિંગ સેક્ટર સુધારાના સાચા માર્ગ પર છે. નવેમ્બરમાં પણ મેન્યુફેક્ચરિંગ સેક્ટરના નવા ઓર્ડરો અને ઉત્પાદનમાં મજબૂત વૃદ્ધિ થઈ છે.લિમાએ કહ્યું હતું કે મેન્યુફેકચરીગ એક્ટિવિટીના વિસ્તાર દરમાં ઘટાડો થવો તે ઝાટકો નથી. આ આંકડો ઓક્ટોમ્બરના આશરે એક દશકના ઉચ્ચસ્તર બાદ થોડો નીચે આવ્યો છે. તેઓએ જણાવ્યું હતું કે કોરોના વાયરસના કેસોમાં વધારો અને તેને કારણે સંભવિત લોકડાઉનથી આ સુધારો પ્રભાવિત થઈ શકે છે. સર્વે અનુસાર નવેમ્બરમાં નવા ઓર્ડરોનું વૃદ્ધિની ઝડપ ત્રણ માસમાં સૌથી ઓછી રહી છે. લીમાએ કહ્યું હતું કે કંપનીઓનું કહેવું છે કે નવેમ્બરમાં મેન્યુફેક્ચરિંગ એક્ટિવિટીના વૃદ્ધિમાર્ગમાં રોગચાળો સૌથી મોટો અવરોધ બન્યો હતો.

કોરોના વાયરસને કારણે પેદા થયેલ અનિશ્ચિતતાથી કારોબારી વિશ્વાસ પણ ઘટ્યો છે.સર્વેમાં કહેવામાં આવ્યું છે કે આગળ ઉત્પાદનમાં વૃદ્ધિનું અનુમાન છે પરંતુ જાહેર નીતિઓને લઈને ચિંતા,રૂપિયામાં ઘટાડો અને કોરોના રોગચાળાને કારણે થોડો વિશ્વાસ ઘટ્યો છે. બીજી તરફ બેરોજગારીની સમસ્યા પણ વધી રહી છે કેમ કે કંપનીઓએ છટણી ચાલુ રાખી છે.

આ વચ્ચે ચાલુ નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ભારતીય અર્થવ્યસ્થામાં ઘટાડાની ઝડપ ઘટીને ૭.૫ ટકા રહી ગઈ છે. પ્રથમ ક્વાર્ટર દરમિયાન ભારતીય અર્થવ્યસ્થામાં ૨૩.૯ ટકાનો ઘટાડો થયો હતો.

# પાકિસ્તાનનું અવિતર ફાયરિંગ યથાવત્: BSF જવાન શહિદ

જમ્મૂ,

પાડોશી દેશ પાકિસ્તાન સતત સિઝફાયરનુ ઉલ્લંઘન કરી રહ્યો છે. આજે ફરી એકવાર સિઝફાયરનુ ઉલ્લંઘન કરતા પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લામાં નિયંત્રણ રેખાની પાસે (એલઓસી) અગ્રિમ ચોકીઓ પર ભારે ગોળીબાર કર્યો, જેમાં સીમા સુરક્ષા દળ (બીએસએફ)ના એક અધિકારી શહીદ થઈ ગયા. છેલ્લા પાંચ દિવસની અંદર પાકિસ્તાની ફાયરિંગથી જવાનના શહીદ થવાની આ બીજી ઘટના છે. અધિકારીઓએ જણાવ્યુ કે મેંઢર સેક્ટરના તારકુંડી વિસ્તારમાં સીમા પારથી કોઈપણ જાતના ઉકસાવા વિના ફાયરિંગ કરવામાં આવ્યુ. અધિકારીએ જણાવ્યુ કે ભારતીય સેનાએ પણ ફાયરિંગનો જડબાતોડ જવાબ આપ્યો.


Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 85

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કોરોના કાળના આર્થિક કપરાં સમયે વણ વિચારેલ પગલું

# ગોધરાની શ્રી શામળાજી હોમીયોપેથીક કોલેજના સંચાલકોની જોહુકમીથી કચવાટ




- સંચાલકો એ ટુંકાગાળામાં હોસ્ટેલ ફી અને કોલેજ ફી ભરવા અંગેની નોટીસ પાઠવી.
- હોસ્ટેલ ફી તથા કોલેજ ફી ન ભરનારને રોજના રૂા.૫૦ અને રૂા.૧૦૦નો દંડ.
- વિદ્યાર્થીઓની તા.૭-૧૨-૨૦૨૦ થી પરીક્ષાઓ શરૂ થાય છે.
- ઉપરાછાપરી ફી ભરવાની સુચના થી વાલીઓ ચિંતાતુર.
- માત્ર કમાવવાનું સાધન ગણીને માનવતા નેવે મૂકી.
- સરકાર દ્વારા માર્ગદર્શન હોવા છતાં સંવેદના નહી રખાઈ હોવાના આક્ષેપો.
- નામાંકીત કોલેજમાં ત્રણ જીલ્લાના ગરીબ વિદ્યાર્થીઓ ભણે છે.
- સંચાલકો એ મનમાની કરીને વિદ્યાર્થીઓને અપાયેલ નોટીસ થી ઉહાપોહ.
- ન્યાય માટે વહેલી તકે શિક્ષણ વિભાગ હસ્તક્ષેપ કરે તેવી માંગ.
- વિદ્યાર્થીઓના હીતમાં રાહત દરે ઈન્સ્ટોલમેન્ટ આપવામાં આવે તેવી માંગ.
- ટુંકાગાળામાં મસમોટી ફી ક્યાંથી ચુકવવી તે અંગે વિદ્યાર્થીઓમાં છુપી નારાજગી સાથે વિરોધ.

ગોધરા,

ગોધરાની શ્રી શામળાજી હોમીયોપેથીક મેડીકલ કોલેજના સંચાલકો એ હોસ્ટેલ ફી તથા કોલેજ ફી ભરવાનો ટુંકાગાળાની નોટીસ આપીને વિદ્યાર્થીઓ સામે જોહુકમી કરવામાં આવતાં વિદ્યાર્થીઓમાં કચવાટની લાગણી સાથે વિરોધ વંટોળ સર્જાયો છે. એક તરફ સરકાર દ્વારા કોરોનાના સમયગાળામાં ફી અંગે જરૂરી માર્ગદર્શન આપવા છતાં માત્ર આર્થિક લાલચ દાખવીને વિદ્યાર્થીઓ પ્રત્યે સંચાલકો એ સંવેદના નહીં રાખવા અંગે અનેક તર્કવિર્તકો ઉઠયા છે.

ગોધરા શહેરમાં શ્રી શામળાજી આરોગ્ય સેવા ટ્રસ્ટ સંચાલીત એક માત્ર શ્રી શામળાજી હોમીયોપેથીક મેડીકલ કોલેજ કે જે એક નામના ધરાવતા હોવાના કારણે પંચમહાલ, દાહોદ અને મહિસાગર જીલ્લામાંથી દર વર્ષે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવવાને આશા સાથે પ્રવેશ મેળવે છે. પરંતુ સંચાલકો દર વર્ષે ફીના નામે આવક વધારવામાં હેતુસર ઉત્તરોતર વધારો કરવામાં આવવા તથા કેટલાક વહીવટી તથા શૈક્ષણિક નિર્ણયો અંગે પણ વિદ્યાર્થીઓમાં છુપી નારાજગી જોવા મળી રહી છે. માનવતા નેવે મૂકી હોય તેમ આવા કોરોના કાળના આર્થિક કપરાં સમયમાં ફરી એકવાર ફીના નામે સંચાલકો દ્વારા મનમાની કરવામાં આવતા વિદ્યાર્થીઓમાં છુપી નારાજગી વચ્ચે વિવાદે સ્થાન લીધું છે. આથી સરકાર દ્વારા હસ્તક્ષેપ કરીને ફી બાબતે ન્યાય આપવા રાહતનું પગલું ભરવામાં આવે તેવી વિદ્યાર્થીઓ માંગ કરી રહ્યા છે. સંચાલકો દ્વારા તા.૧લી ડીસેમ્બરના રોજ વિદ્યાર્થીઓને સંબોધતી નોટીસ આપવામાં આવતા વિદ્યાર્થીઓમાં ઉહાપોહ સાથે કચવાટની લાગણી અનુભવી રહ્યા છે. વિવાદાસ્પદ નોટીસમાં કરાયેલા ઉલ્લેખ પ્રમાણે કોલેજમાં ભણતા એક થી ત્રણ વર્ષના વિદ્યાર્થીઓને જણાવવાનું કે, યુનિવર્સીટી ની પરીક્ષા તારીખ ૦૭. ૧૨. ૨૦૦૭ થી શરૂ થનાર છે. જેથી હોસ્ટેલ તારીખ ૦૫.૧૨. ૨૦૨૦ થી શરૂ થશે જેથી હોસ્ટેલ ફી ભરવાની છેલ્લી તારીખ ૦૭ .૧૨.૨૦૨૦ છે. ત્યાર બાદ ફી ભરનાર વિદ્યર્થીને દિવસના રૂા.૫૦ લેખે લેઈટ ફી ભરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે આ વખતે તમારી યુનિવર્સીટીની પરીક્ષા પૂર્ણ થયા બાદ તરત જ આગળના વર્ષના કલાસ શરૂ થનાર છે. જેની નોંધ લેશો. હોસ્ટેલની ટર્મ આ વખતે ડીસેમ્બર થી મે મહિના સુધીની રહેશે તો દરેક વિદ્યાર્થીઓએ નીચે પ્રમાણે ની ફી ચેક અથવા રોકડથી કોલેજ ઓફિસમાં ભરવાની રહેશે. અને ચેકમાં ''શ્રી શામળાજી હોસ્ટેલ'' લખવાનું રહેશે. બોઈઝ માટેની હોસ્ટેલ ફી ૩૫,૦૦૦ /- તથા ગર્લ્સ માટેની હોસ્ટેલ ફી ૩૮,૦૦૦ /- છે.

પરીક્ષા પૂર્ણ થયા બાદ કોલેજની આગળનાં વર્ષની પ્રથમ ટર્મ ની ફી ભરવાની છેલ્લી તારીખ ૦૬. ૦૧. ૨૦૨૧ છે. ત્યાર બાદ ફી ભરનાર વિદ્યર્થીને દિવસમાં ૧૦૦ રૂા. લેખે લેઈટ ફી ભરવાની રહેશે.

કોલેજની ફી માત્ર ઓનલાઈન જ ભરવાની રહેશે અને ઓનલાઈન ફી ભરવાની વિગત નીચે મુજબ છેઃ

College Fees : Shree Shamalaji Homoeopathic Medical College, Godhra Bank Name : - Axis Bank, A/C No : - 912010030859204, IFSC Code : - UTIB0000264. NOTE : - NEFT, RTGS, IMPS, GOOGLE PAY, UPI દ્વારા ઓનલાઈન ફી ભરી શકશે.

ઓનલાઈન ફી ભર્યા બાદ તેનું રેફરન્સ નંબર વાળું પ્રુફ, નામ, વર્ષ તથા રોલનંબર સાથે ૯૭૨૫૨૦૧૯૭૫ ઉપર તુરંતજ મોકલી આપવાનું રહેશે.

### હોસ્ટલ ફી અને કોલેજ ફી લેઈટ ભરવા અંગેની તાકીદથી વાલીઓ મુંઝવણમાં

ગરીબ પરિવારના વિદ્યાર્થીઓ મેડીકલ લાઈનમાં પોતાની કારકીર્દી બનાવવા માટે આવતાં ગત માર્ચ માસ થી પોતાની પરિવારની આર્થિક સંકળામણ વિશે માહિતગાર છે. તો બીજી તરફ આવા સમયે સંચાલકો એ રાહત આપવાના બદલે લેઈટ ફી લેવાનો નકકી કરવામાં આવ્યું છે. હોસ્ટલ ફી ભરવાની છેલ્લી તા.૭/૧૨ /૨૦20 છે. જો ત્યારબાદ ફી ભરનારને દિવસના રૂા.૫0 લેઈટ ફી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેવી રીતે પરીક્ષા પૂર્ણ થતાં આગળના વર્ષની પ્રથમ ટર્મ ફી ભરવાની છેલ્લી તા.૬/૧/૨૦૨૧ રાખી છે. ત્યારબાદ ફી ભરનારને દિવસના રૂા.૧૦૦ નકકી કરવામાં આવેલ છે.

### સરકારના નિયમોને ઘોળીને પી જતા કોલેજના સંચાલકો

હાલમાં કોરોનાની મહામારી ચાલી રહી છે. ત્યારે કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન પ્રમાણે સંક્રમણ ન ફેલાય તે હેતુથી શૈક્ષણિક કાર્ય તથા ફી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવતા તેનું કોલેજો એ અક્ષરે અક્ષર પાલન કરવા જણાવવામાં આવેલ છે. તેમ છતાં ગોધરાની શ્રી શામળાજી હોમીયોપેથીક મેડીકલ કોલેજના સંચાલકો દ્વારા મનમાની કરીને માત્ર આવકનું સાધન ગણીને વિદ્યાર્થીઓને હોસ્ટલ ફી તથા કોલેજ ફી માત્ર ટુંકાગાળામાં ભરપાઈ કરવાનો આદેશ આપવામાં આવતાં કોલેજે જ સરકારના નિયમનો ઘોળીને પી ગઈ હોવાનો જોવા મળી રહ્યો છે.

### આર્થિક સંકળામણ વચ્ચે વ્યાજે નાણાં લાવવાનો વાલીઓને વારો

ગત માર્ચ મહિનાથી એકાએક કોરોનાના પગલે છ-છ મહિના સુધી લોકડાઉન જાહેર કરવામાં આવતાં અસંખ્ય પરિવારોના આર્થિક બજેટ ખોરવાઈ ગયેલા જણાય છે. છેલ્લા ત્રણ એક માસથી ધીરેધીરે આર્થિક જીવન પાટા પર ચડયું છે. ત્યારે સંચાલકો એ આવા ગરીબ પરિવારોની આર્થિક પરિસ્થિતીને ધ્યાને ન લેતાં અને માનવતાને નેવે મૂકી દઈને ઉપરાછાપરી માત્ર એક માસમાં હોસ્ટલ ફી તથા કોલેજ ફી લેવાનો ફરમાન કરવામાં આવતાં માતા-પિતા ચિંતીત બનીને જાય તો જાય કહાં જેવો ઘાટ સર્જાયો છે. આવા ગરીબ પરિવારો પ્રત્યે લાગણી રાખીને વાલીઓને ઈન્સ્ટોલમેન્ટ સુવિધા આપવામાં આવે તો રાહત થાય તેમ છે. પરંતુ સંચાલકોના જોહુકમી ફરમાન સામે વાલીઓની આર્થિક સંકળામણ વચ્ચે ઉછીના પાછીના કે વ્યાજે નાણાં લેવાનો વારો આવે તેમ જોવા મળી રહ્યું છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૨૬૦ થયો

- ૨૭ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૨૪.
- મૃત્યુ આંક - ૧૨૨.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૮ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૨૬૦ થવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૦૯, હાલોલ-૦૩, કાલોલ-૦૫, ઘોઘંબા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે.

## હાલોલના શીવરાજપુર ગામે જુગારધામ પર પોલીસે રેડ કરી ૮ ઈસમોને ઝડપાયા

હાલોલ,

હાલોલ તાલુકાના શીવરાજપુર ગામે ખુલ્લી જગ્યામાં જાહેરમાં વરલી મટકાના આંકડાનો જુગાર રમાડતા હોય તેવી બાતમીના આધારે પાવાગઢ પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન આઠ ઈસમોને ૭૨,૬૭૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી જુગારધારા હેઠળ પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે હાલોલ તાલુકાના શીવરાજપુર ગામે રહેતા દાનાભાઈ ભવરલાલ મારવાડી પોતાના ઘરની સામે આવેલ ખુલ્લી જગ્યામાં જાહેરમાં વરલી મટકાનો આંકડાનો જુગાર રમાડતા હોય તેવી બાતમીના આધારે પાવાગઢ પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન મનોજ ભવરલાલ મારવાડી, રવિન્દ્ર રાજનભાઈ પરમાર, ગીરીરાજ ગીરધરભાઈ હરીજન, પંકજ રમેશભાઈ બારીયા, દુલાભાઈ દલસુખભાઈ નાયક, વિનોદ શંકરભાઈ નાયક, દાનાભાઈ ભવરલાલ મારવાડીને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ આરોપીઓની અંગઝડતીમાં ૨૨,૧૭૦/-રૂપીયા, મોબાઈલ ફોન નંગ-૩ કિંમત ૨૫૦૦/-, બાઈક નંગ-૩ કિંમત ૪૫,૦૦૦/-રૂપીયા મળી કુલ ૭૨,૬૭૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## હાલોલના ગેટના મુવાડા ગામે HIV એડ્સ વિષય માહિતી અપાઈ


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

વિશ્વ એડ્સ દિવસ નિમિતે પંચમહાલ જિલ્લામાં એચ.આઈ.વી. એડ્સ વિષય પર કાર્યરત તેવી સારથી સંસ્થા તથા પંચમહાલ નેટવર્ક ઓફ પીપલ લિવિંગ વિથ એચ.આઇ.વી.એડ્સ (વિહાન) સંસ્થા દ્વારા હાલોલના ગેટમુવાડા ગામે ૨૫ , ૨૫ ભાઈઓ તથા બહેનોના અલગ અલગ જૂથ બનાવીને તેમને એચ.આઈ.વી.એડ્સ, ટી.વી. તથા કોરોના વિશે જાગૃતિ ફેલાવવાના પ્રયાસ રૂપે માહિતી પ્રદાન કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેની સાથે સાથે ગામ માં ઘરે ઘરે ફરીને ૧૦૦ કુટુંબ ને એચ.આઇ.વી એડ્સ ને લગતું આઇ. ઈ.સી. મટીરીયલનું વિતરણ કરવામાં આવેલ હતું. તથા લોક ડાઉનના વિકટ સમયમાં આં સંસ્થા દ્વારા એચ.આઈ.વી. પોઝિટિવ વ્યક્તિઓને ઘરે ઘરે પહોંચીને એચ.આઈ.વી.ની દવા પહોચાડવા તથા તેમનું કાઉનસેલિંગ કરવાની કામગીરી રૂપે ગોધરા કલેકટર કચેરી દ્વારા આ સંસ્થાઓને સન્માન પત્રક તથા મેડલ આપીને સન્માનિત કરવામાં આવેલ હતા.

## રાજ્યમાં સૌથી વધુ ઠંડી વલસાડ, નલિયામાં ૧૫ ડીગ્રી તાપમાન નોંધાયું

અમદાવાદ,

ગુજરાતમાં ધીમે ધીમે ઠંડીની અસર શરુ થઈ ગઈ છે. વહેલી સવારે અને મોડી રાતે ઠંડીનો અનુભવ થવા લાગ્યો છે. જોકે દિવસે થોડો ઉકળાટ અને રાત્રે ઠંડીનો અહેસાસ થયો હોવાથી અમદાવાદ શહેરમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. પરંતુ ડિસેમ્બર મહિનો શરૂ થતા જ ઠંડીનું પ્રમાણ વધશે.

અમદાવાદ શહેરની વાત કરવામાં આવે તો અહીં તાપમાનનો પારો ૩૪ ડિગ્રીને પાર થતાં દિવસે બફારો અને ઉકળાટનો અનુભવ થયો હતો. જોકે શહેરનું રાત્રીનું તાપમાન ૨૦ ડીગ્રી રહ્યું હતું. પરંતુ ૪ ડિસેમ્બર બાદ ઠંડીનું જોર વધશે તેમ હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યમાં સૌથી વધુ ઠંડી વલસાડ, નલિયામાં ૧૫ ડીગ્રી તાપમાન નોંધાયું છે. તેવી જ રીતે રાજ્યના સૌથી ઠંડા રહેતા ડીસામાં ૧૫ ડીગ્રી તાપમાન રહ્યું હતું. તો કંડલામાં ૧૭ ડીગ્રી નોધાઈ હતી. આ ઉપરાંત ભુજ, ગાંધીનગર, રાજકોટમાં ૧૮ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું.

## પંચમહાલ જિલ્લામાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે યુવા મતદાર જાગૃતિ અને નોંધણી અંગે વેબિનાર યોજાયો



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે જિલ્લા વહીવટીતંત્ર અને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે યુવા મતદાર જાગૃતિ અને નોંધણી વિષયક વેબિનાર યોજાયો હતો. હાલ જિલ્લામાં સંક્ષિપ્ત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે ત્યારે યુવા મતદારો અને ફર્સ્ટ ટાઈમ વોટર્સને આ પ્રક્રિયાનો પરિચય કરાવવા તેમજ સાંકળવા વાઈસ ચાન્સેલર પ્રો. પ્રતાપસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને આ વેબિનાર યોજાયો હતો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી ઓનલાઈન માધ્યમથી ઉપસ્થિત મહાનુભાવો અને વિદ્યાર્થી મિત્રોને સંબોધન કરતા ઉપકુલપતિએ જણાવ્યું હતું કે ભારતીય લોકશાહી વ્યવસ્થા વિશ્વભરમાં ઉદાહરણીય અને અનુકરણીય રહી છે. મતદાનનો અધિકાર એ લોકશાહીની મહાનત્તમ ભેટ છે ત્યારે દરેક નાગરિક એ અધિકારનો ઉપયોગ કરે અને તે માટે મતદાર યાદીમાં લાયક બનતા જ પોતાની નોંધણી કરાવે તે અતિઆવશ્યક છે. દેશની વિકાસયાત્રા નિરંતર રહે અને દેશમાં લોકશાહી વ્યવસ્થાની મજબૂતી જળવાઈ રહે તે માટે દેશના યુવાઓ લાયક બનતા જ ચૂંટણી પ્રક્રિયામાં રસ લે-ભાગ લે તેવો તેમણે વિદ્યાર્થી મિત્રોને આગ્રહ કરતા રાજકીય પ્રવાહો અને ચૂંટણી પ્રક્રિયા વિશે સારી રીતે માહિતગાર થવા આગ્રહ કર્યો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ જણાવ્યું હતું કે ભારતીય ચૂંટણી અને વસ્તી ગણતરી સમગ્ર વિશ્વમાં વખણાય છે. ત્યારે મત આપવા માટે લાયક કોઈપણ વ્યક્તિ મતદાનના હકથી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવું આપણી ફરજ છે અને તે માટે મતદાર યાદી સુધારણાના કાર્યક્રમમાં જોડાઈ પોતાની મતદાર તરીકે નોંધણી કરાવવા, વિગતો અદ્યતન કરાવવા અને અન્યોને પણ તેમ કરવા માટે પ્રોત્સાહિત કરવાની દિશામાં સક્રિય બનવા તેમણે યુવાઓને અપીલ કરી હતી. મતદાન માટે નામ નોંધાવી જેટલા જલદી યુવાઓ ચૂંટણી પ્રક્રિયાનો હિસ્સો બને તે દેશની લોકશાહી માટે ઉપકારક છે. તે જોતા જિલ્લાની તમામ કોલેજોના આચાર્યો અને પ્રોફેસર્સને પણ આ દિશામાં પ્રયાસો કરવા તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે સરકારી પોલિટેનિક કોલેના આચાર્ય જે.વી.ભોલંદાએ મતદાર યાદીમાં નોંધણી અને સુધારા-વધારા માટે જરૂરી ફોર્મ્સ ક્યાંથી મેળવી શકાય, કયા આધાર-પુરાવા સાથે જોડવાના રહે તેમજ ઓનલાઈન નોંધણી સહિતની પ્રક્રિયા અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત, જિલ્લા નાયબ ચૂંટણી અધિકારી દેસાઈ તેમજ કુલસચિવ ડો. અનિલ સોલંકીએ પણ સંબોધન કર્યા હતા. વેબિનારમાં જોડાયેલ કોલેજના વિદ્યાર્થીઓ સમગ્ર પહેલને પ્રશંસનીય ગણાવતા ઘણી નવીન બાબતો આ વેબિનાર મારફતે જાણવા મળી હતી તેમ જણાવ્યું હતું.

## ગોધરા સ્ટેશન રોડ ઉપર આવેલ જલારામા ટ્રેડીંગના ગોડાઉનમાં ઉતરતા ૮૭૬ બોકસ અખાદ્ય ગોળ મળી ૧૬.૧૦ લાખનો જથ્થો પોલીસે ઝડપી પાડયો



ગોધરા,

ગોધરા શહેર સ્ટેશન રોડ ઉપર આવેલ શ્રીજી પ્લાઝા આવેલ ગોડાઉનમાં ટ્રક માંથી અખાદ્ય ગોળનો જથ્થો ઉતારવામાં આવી રહયો છે. તેવી માહિતીના આધારે બી ડીવીઝન પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન પોલીસ દ્વારા ૭૮૬ બોકસ અખાદ્ય ગોળનો જથ્થો તેમજ ટ્રક મળી ૧૬.૧૦ રૂપીયાના જથ્થો કબ્જે લીધો હમતો. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા શહેર સ્ટેશન રોડ ઉપર આવેલ શ્રીજી પ્લાઝામાં આવેલ જલારામ ટ્રેડીંગના ગોડાઉનમાં ટ્રક માંથી અખાદ્ય ગોળના જથ્થો ઉતારવામાં આવી રહ્યો છે. તેની માહિતીના આધારે બી ડીવીઝન પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન જલારામ ટ્રેડીંગના ગોડાઉનમાં ઉતારવામાં આવતાં ૭૮૬ બોકસ અખાદ્ય ગોળના જથ્થો ૧૬૦ કંતાનના થેલાઓ અખાદ્ય ગોળનો જથ્થો ભરીને આવેલ ટ્રક મળી કિંમત ૧૬.૧૦ લાખનો જથ્થો ઝડી પાડવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા ઝડપાયેલ અખાદ્ય ગોળના જથ્થાના નમુના લઈ એફ.એસ.એલ. માટે મોકલવાની તજવીજ હાથ ધરી છે. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.